ઝગર Jigar Publicity
Industrial Directory Publisher
Laghu Udhyog Bharati (Bharuch District), Jhagadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
www.jigarpublicity.com
jigarpublicity@gmail.com |+91 9998980519

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 16 ISSUE : 23 DATE: 01- 03 -2025 (વિક્રમ સંવત ૨૦૮૧ ફાગણ સુદ બીજ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# ઝગડીયા તાલુકાના ખડોલી ખાતે પ્રિસાઈટ્સ કોનકેમ પ્રાઈવેટ લિમિટેડની લોકપર્યાવરણ સુનાવણી યોજાઈ ગઈ






ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકાના ખડોલી ખાતે પ્રિસાઈટ્સ કોનકેમ પ્રાઈવેટ લિમિટેડની લોક પર્યાવરણ સુનાવણી યોજાઈ ગઈ. જેમાં લોકોએ આ વિસ્તારમાં પર્યાવરણને થતા નુકસાન અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી. હતી.

આ લોક પર્યાવરણ સુનવણી ઝગડીયાનાએસડીએમ કાજલબેન ગામીતની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ. જેનું સંચાલન ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી વિજય રાખોલિયાએ કર્યું હતું. જેમાં લોકોએ મુખ્ય પ્રશ્ન આ પ્લાન્ટ સ્થાપવા માટે ગ્રામ પંચાયતમાં ઠરાવ કર્યો છે. જો ઠરાવ મંજૂર નથી કર્યો તો પ્લાન્ટ કઈ રીતે સ્થાપી શકાય. આ વિસ્તાર અનુસૂચિત ૫ નો વિસ્તાર છે. તેથી ગ્રામ પંચાયતની મંજૂરી સર્વોપરી છે. આ સમગ્ર પ્રક્રિયા જ ગેરકાયદેસર બની જાય છે.

લોકોએ એવી પણ ઉગ્ર ફરિયાદ કરી હતી કે આ લોક પર્યાવરણ સુનાવણીની જાણ લોકોને કરવામાં આવી નથી. જેને લઈને ૪૦ જેટલા ગામના અસરગ્રસ્ત વિસ્તારના લોકો હોવા છતાં ખુબ જૂજ સંખ્યા જોવા મળી રહી છે.

લોક પર્યાવરણ સુનાવણીના પ્રશ્નો દરમ્યાન પ્રોજેક્ટ કર્તા તરફથી અધૂરી માહિતી સાથે આવ્યા હોય તેવું અનુભવાઈ રહ્યું હતું. લોકોના પ્રશ્નોના જવાબમાં તેમને સ્થળ પર જવાબ આપવાનું ટાળવામાં આવતું હતું. તેથી લોકો રોષે ભરાયા હતા.

આ વિસ્તારમાં આ પ્રકારના પ્લાન્ટ આવવાથી આ વિસ્તારની જમીનો બરબાદ થઇ જશે. આવા પ્લાન્ટ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં સ્થાપવા માટે સૂચન કરવામાં આવ્યું હતું.

રોજગારીના પ્રશ્ન બાબતે આ વિસ્તારમાં આવેલ બીજા પ્લાન્ટ સ્થાનિકોને રોજગારી નહી અપાતા હોવાનું જણાવ્યું હતું. આ વિસ્તારની બીજી કંપનીઓ પ્રદુષિત પાણી જાહેરમાં છોડી દેતી હોવાની ફરિયાદ પણ ફરી હતી. કંપની દ્વારા ખુબ મોટા પ્રમાણમાં ભૂગર્ભ જળ વપરાતું હોવાથી આ વિસ્તારમાં ભવિષ્યમાં ભૂગર્ભજળ ઊંડા જવાની ભીતિ વ્યક્ત કરાઈ હતી. આ વિસ્તારમાં આવેલી કંપનીઓ દ્વારા રૈન વોટર હાર્વેસ્ટિંગ બાબતમાં સંતોષકારક કામગીરી નહી કરતી હોવાની ફરિયાદ પણ કરી હતી.

CCA, CTA મેળવવા માટે છેલ્લે પ્રક્રિયા થાય છે તે ફેરફાર કરવો જોઈએ. પહેલેથી જ ચેક કરી લેવું જોઈએ. નહીંતર પ્રોજેક્ટ માલિકને ભોગવવાનું આવી શકે છે.પ્રાદેશિક અધિકારી વિજય રાખોલિયાએ જણાવ્યું હતું કે નવો પરિપત્ર આવી ગયો છે. જેમાં હવેથી નવી પ્રપોઝલ આવશે તેમાં પ્રાદેશિક અધિકારીનો અભિપ્રાય લીધા પછી જ આગળ વધવામાં આવશે.

જે સીએસઆરના કામો છે તે આસપાસના વિસ્તારમાં કોઈ દેખાતા નથી. પ્લાન્ટ આ વિસ્તારમાં નાખવામાં આવે છે અને સીએસઆર ફંડ બીજે વાપરવામાં આવે છે તે કેટલું યોગ્ય છે.

પાણી રીયુઝ કરવાનું હોય છે, પરંતુ મોટાભાગની કંપનીઓ પાણી ખાડીઓમાં છોડી દે છે. પર્યવરણને નુકસાન કરે છે. તે બાબતમાં શું પગલાં લેવામાં આવે છે તેવા પ્રશ્નો પૂછ્યા હતા. એકંદરે લોકપર્યાવરણ સુનાવણી પ્રશ્નોથી ભરપૂર રહી હતી પરંતુ શાંતિપૂર્ણ માહોલમાં સંપ્પનન થઇ હતી.

# દીપક ફેનોલિક્સે 250 KTPA પ્રોપીલીન અને 11 KTPA હાઈડ્રોજનન મેળવવા માટે પેટ્રોનેટ LNG સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા

દીપક નાઈટ્રાઈટ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની દીપક ફેનોલિક્સ લિમિટેડે પ્રોપીલીન અને હાઈડ્રોજનના પુરવઠા માટે પેટ્રોનેટ એલએનજી લિમિટેડ (PLL) સાથે એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે.

દીપક નાઈટ્રાઈટે સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે દીપક નાઈટ્રાઈટ લિમિટેડની સંપૂર્ણ માલિકીનીપેટાકંપની, દીપક ફેનોલિક્સ લિમિટેડ (DPL) ના બોર્ડ ઓફ ડીરેક્ટરદ્વારા , ગુજરાતના દહેજ ખાતે પેટ્રોનેટ ન્દ્વપ્રોજેક્ટમાંથી 250 KTPA પ્રોપીલીન અને 11 KTPA હાઈડ્રોજનના પુરવઠામાટે DPL અને પેટ્રોનેટ LNG લિમિટેડ (PLL) વચ્ચે બંધનકર્તા કરારને મંજૂરી આપી છે. PLL દ્વારા DPL ને પ્રોપીલીન અને હાઈડ્રોજનનો પ્રથમ પુરવઠો પૂરો પાડવામાં આવ્યો તે તારીખથી ૧૫ વર્ષનો સમયગાળો ગણવામાં આવશે.

રાસાયણિક ઉપાડના ક્ષેત્રમાં DPL અને PLL વચ્ચેની આ વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવતા, એક ચોક્કસ કરાર યોગ્ય સમયે ઔપચારિક બનશે.

આ લાંબા ગાળાના પુરવઠા કરાર DPL ને તેની ઉત્પાદન પ્રક્રિયાઓ માટે મહત્વપૂર્ણ ફીડસ્ટોકની ખાતરીપૂર્વકની એક્સેસ પ્રદાન કરે છે, જે સતત ઉત્પાદન અને કાર્યકારી સ્થિરતા માટે માર્ગ મોકળો કરશે.

દીપક ફેનોલિક્સ લિમિટેડ એ ભારતની સૌથી ઝડપથી વિકસતી કેમિકલ ઈન્ટરમીડિયેટ કંપની, દીપક નાઈટ્રાઈટ લિમિટેડની માલિકીની ૧૦૦% પેટાકંપની છે. દીપક ફેનોલિક્સ ભારતમાં ફિનોલ અને એસીટોનનું સૌથી મોટું ઉત્પાદક છે, જે ગુજરાતના દહેજમાં IPA, Cumene અને AMS પણ બનાવે છે. રિસ્પોન્સિબલ કેર દ્વારા માન્યતા પ્રાપ્ત કંપની છે. જેતેના ઉત્પાદનો લેમિનેટ અને પ્લાયવુડ, ઓટોમોટિવ, બાંધકામ, ફાર્માસ્યુટિકલ્સ, એડહેસિવ્સ, સેનિટાઈઝર્સ, રબર, રસાયણો, પેઈન્ટ અને અન્ય ક્ષેત્રોમાં વિવિધ એપ્લિકેશનોમાં વપરાય છે.

ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code: ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS &TANKS · GMP REACTOR · AGITATED NUTCHE FILTER DRYER · HEAT EXCHANGER · VACUUM TRAPS · REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant (2) Ethanol Consultant (3) Poison Licence (4) Sulphur Licence (5) Chlorate Licence (6) Explosive Licence (7) PESO Licence (8) Solvent Consultant (9) MSME Registration (10) IEM from Delhi (11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
:- Branch office :- 145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
:- Registered office & Administration office :- ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718 +91 9428588901
● All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
● Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
● PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
● All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT · BROIL · BROTEK · BI BELA INSTRUMENTS · YTC · SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

M.D. PATEL +91 98241 01133
MEGA MACHINERY
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

MEET D. PATEL +91 97372 53797
DINESHBHAI R. PATEL +91 98241 45018
MEET PACKAGING
Manufacturers & Dealers of: All Types of Packing Materials, , HDPE/PP Woven, Sack bags, , UN approval bag, Multi layer Paper bags.
Factory: Plot No. : 215/1, G.I.D.C., PALEJ - 392 220. Phone: (02642) 277027, Email: meet5228@gmail.com

SHIVAM INDUSTRIES
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
• Graphite Heat Exchanger
• Graphite Condenser
• Graphite Reboiler
• Graphite Falling Film Absorber
• Graphite Ejector
• Graphite Evaporator
Email : info@graphite.com www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019), Gujarat, India

## તંત્રીલેખ

### નહેરના પાણીમાં ઝેરી કેમીકલ ઠાલવવાની ઘટનાનું પુનરાવર્તન અટકાવવા નક્કર પગલાં લેવા રહ્યા

છેલ્લા મહિનામાં બનેલ ગંભીર ઘટનાઓમાં બાકરોલ નજીકથી પસાર થતી નહેરમાં પાણીમાં ઝેરી કેમીકલ મેળવવાની ઘટના છે. આ ઘટનાએ સૌને ઝકઝોળીને રાખી દીધા છે. આવી ઘટના ફરી ના બને તે માટે શું કરવું જોઈએ તે ગંભીર વિચાર માગી લેતો પ્રશ્ન બની ગયો છે. કારણકે અગાઉ પણ આટલી ગંભીર ઘટના બની ગઈ હતી. છતાં તેનું પુનરાવર્તન થયું.

આ ઘટનાની જાણકારી થઇ ગઈ તે આ વિસ્તારના લોકોની નસીબની વાત છે. અગાઉ પણ સૌને ખબર પડી ગઈ હતી અને ઘટના રોકવામાં સફળ રહ્યા હતા તે પણ નસીબની વાત હતી. પરંતુ દર વખતે નસીબ સાથ અપાશે જ આવી આશા ના રાખી શકાય. પાણીનો કલર બદલાયો અને જાણકારી થઇ. એવા પણ કેમીકલ આવે છે કે પાણીનો કલર ના પણ બદલાય. છતાં કેમીકલ ભળી જાય. ખુબ મોટાપાયે લોકોના અને પશુઓના જાનનું નુકસાન કરી શકે છે.

ઘટનાને પગલે પોલીસ ડીપાર્ટમેન્ટ ખૂબજ ગંભીર થઇ ગયું અને ગુનેગારોને પકડી પાડ્યા . જેથી કોને કર્યું, કેમ કર્યું વગેરે બાબતો ઉપરથી પડદો ઉઠાવવામાં સફળતા મળી.

એક સેમિનારમાં પોલીસ અધિક્ષકે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે વિવિધ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના અગ્રણીઓ ઈન્ડસ્ટ્રીઝની નજીક હોવા છતાં તેમના તરફથી ઈન્ફર્મેશન આવતી નથી. આ તેમના વાક્યમાં નારાજગીનો સુર હતો.

જીપીસીબીના પ્રાદેશિક અધિકારી વિજય રાખોલીયાએ ઉદ્યોગોને સલાહ આપતા જણાવ્યું કે તમે ટ્રાન્સ્પોર્ટને માલ આપો છો પરંતુ તેનું તો ફક્ત વાહન જ રીસ્ક પાર હોય છે. કાર્યવાહી કંપની ઉપર થાય છે, મલિક ઉપર થાય છે. તે વેસ્ટનો ક્યાં નિકાલ કરે છે, તેની ઉપર તમારું રીસ્ક સમાયેલું હોય છે. જેની તમને ખબર નથી હોતી. છેવટે દોષનો ટોપલો તમારી ઉપર આવે છે. ઉદ્યોગોએ પણ આવું રીસ્ક લેતા પહેલા સો વખત વિચારવું જોઈએ.

સૌથી મોટી વાત તો આવી ઘટના ફરી ના બને તે માટે શું પગલાં લેવા જોઈએ અને તે કોણ લેશે અને ક્યારે લેશે તે પ્રશ્ન મુખ્ય છે. ખુલ્લી નહેર, ખૂબ લાબું અંતર, રાત્રિનો અંધકાર, માફિયાઓ તરફથી ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ આ બધા પાસા ઘટનાના પુનરાવર્તનને રોકવામાં અડચણો છે.

## કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડના નિયમ મુજબ દેશના ૨૬ રાજ્યોનાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સ્ટાફની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા રજુ કરાયેલ રિપોર્ટમાં જણાવાયું છે કે દેશના ૨૬ રાજ્યોનાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં સ્ટાફની તીવ્ર અછત પ્રવર્તે છે. અડધોઅડધ જગ્યાએ હજી ભરવામાં આવી નથી. ૧૦ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા હજી તેમનો સ્ટેટસ રિપોર્ટ જ મોકલવામાં આવ્યો નથી.


પર્યાવરણની જાળવણી માટેની જવાબદારી તેમજ કામગીરી વધી રહી છે ત્યારે સ્ટાફ માં કોઈ વધારો થતો નથી. દેશમાં હવા અને પાણીનું પ્રદૂષણ રોકવા તેમજ પ્લાસ્ટિક વેસ્ટ, હેઝાર્ડસ વેસ્ટ, બાયોમેડિકલ વેસ્ટ, તેમજ ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટનો નિકાલ કરવા માટે નવા નવા કાયદા ઘડવામાં આવી રહ્યા છે અને તેનો અમલનો વ્યાસ વિસ્તરી રહ્યો છે ત્યારે સ્ટાફની અછત નવી સમસ્યા સર્જાઈ રહી છે. મોટાભાગનાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પોલ્યુશન કન્ટ્રોલ કમિટી એ ૬૦ ટકા સ્ટાફ સાથે કામગીરી કરવાનું ચાલુ રાખ્યું છે. કર્ણાટકમાં ૭૨૩ મંજૂર થયેલી પોસ્ટમાંથી ૪૩૩ પોસ્ટ એટલે કે આશરે ૬૦ ટકા પોસ્ટ ૨૦૨૩થી ભર્યા વિનાની ખાલી છે. આંધ્રપ્રદેશમાં સૌથી વધુ ૭૦ ટકા જગ્યાઓ એટલે કે ૨૮૯માંથી ૨૦૨ પોસ્ટ ખાલી છે. મધ્યપ્રદેશ તેમજ અન્ય ૧૦ રાજ્યોમાં પણ ૪૦ ટકા જગ્યાઓ ખાલી છે. અર્થી રીતે પછાત ગણાતા અરુણાચલ અને નાગાલેન્ડ પાસે પૂરેપૂરો સ્ટાફ છે.

CPCB એ જણાવ્યું હતું કે ૨૦ રાજ્યો તેમજ ૬ કેન્દ્રશાસિત પ્રદેશોએ જ તેમની પાસેના સ્ટાફની વિગતો દર્શાવી હતી જેના આધારે આ રિપોર્ટ તૈયાર કર્યો હતો. ફક્ત અરુણાચલ પ્રદેશ તેમજ નાગાલેન્ડના પ્રદૂષણ બોર્ડ જ પુરેપુરો સ્ટાફ ધરાવતા હતા. કેટલાક બોર્ડ દ્વારા નવી ભરતી કરવા પ્રયાસો કર્યા હતા પણ તે અધકચરા હતા. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) એ જાતે આ મુદ્દાઓની નોંધ લઈને સ્ટાફની ઘટ પુરવા યોગ્ય પગલાં લેવા કહેવામાં આવ્યું હતું, કર્ણાટક, તામિલનાડુ, મહારાષ્ટ્ર સહિત ૮ જેટલા રાજ્યોએ હજી તેના સ્ટેટસ રિપોર્ટ મોકલ્યો નથી.

# નહેરમાં પીવાના પાણીમાં ઝેરી કેમીકલ ઠાલવવાની ઘટનાને લઈ જિલ્લા પોલીસ અધિક્ષકે કડક અભિગમ અપનાવ્યો







તારીખ ૨૭ મી ફેબ્રુઆરીએ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનની બિલ્ડીંગ ખાતે આવેલ BEIL સેમિનાર હોલ ખાતે પોલીસ વિભાગ તરફથી એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંકલેશ્વર, પાનોલી, ઝગડીયાની ઈન્ડસ્ટ્રીઝના સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

આ સેમિનારમાં ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ પોતાના વ્યક્તવ્યમાં તાજેતરમાં નહેરના પીવાના પાણીમાં ઝેરી કેમિકલ ઠાલવવાની ઘટનાને ખુબ જ ગંભીરતાથી લીધી હતી. તેમણે ઈન્ડસ્ટ્રીઝને આપણી આસપાસ આવી ઘટના માટેની શંકા ઉદ્ભવે તો જાણ કરવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આવા તત્વોને કઈ રીતે નસીહત કરવી તે અમે જાણીએ છીએ. તમારી આસપાસ કોઈ આવું કાર્ય કરતું હોય તો જાણ કરવા જણાવ્યું હતું. તમે ઈન્ડસ્ટ્રીઝની નજીક છો. તમારી ધ્યાનમાં હોઈ શકે છે.

અમે કોઈ ઈન્ડસ્ટ્રીઝને હેરાન કરવા નથી માંગતા.સાથે સાથે વોટરબોડીમાં કોઈ કેમિકલ નાખે તે સાંખી લેવામાં નહીં આવે. આ અતિ જનધ્ય અપરાધ છે. અમે બધા લોકો પર નજર રાખી રહ્યા છીએ. તેમણે એસોસિયસનોને તેમના પ્લેટફોર્મ પર આને ગંભીરતાથી લેવા જણાવ્યું હતું. અમને બતાવો કોણ કરે છે. અમને તમારી મદદની જરૂર છે. જ્યારે તમે અહીં બેઠા છો, તમારા તરફથી કોઈ ઈન્ફોર્મેશન આવી રહી નથી. અહીં આ થાય છે, ત્યાં આવું થાય છે. એપ્લિકેશન આપવાની જરૂર નથી, તમે ફક્ત જણાવો.

કંપનીઓ તેમની મોનોપોલી માટે પ્રોડક્ટ અને રો-મટેરીઅલનું નામ છુપાવી રાખે તેમાં અમે પડવા નથી માંગતા, પરંતુ તેના ઓઠા નીચે નાર્કોટિક્સ પ્રોડક્ટ બનાવે તે નહી ચાલે. તેમને અને તેમની હાથ નીચે કામ કરતા માણસોને તે વિષે જાણકારી આપવી પડશે. ભરૂચ જિલ્લામાં છેલ્લા બે ત્રણ વર્ષમાં નાર્કોટીક્સ પ્રોડક્ટ બનાવતી અનેક કંપનીઓ પકડાઈ છે. હવે તે અટકવું જોઈએ.

દહેજ ભરૂચ રોડનો દહેજ બાજુથી એક્સપ્રેસ વે ના ટર્ન ઉપરથી નર્મદા ચોકડી સુધીનો રોડ સવારના ૫ વાગ્યાથી રાતના ૯ વાગ્યા સુધી નો વિહિકલ ઝોન ફોર ગૂડ્સ કેરેજ રહેશે. એટલેકે તેની ઉપર તે સમય દરમ્યાન ગૂડ્સ વાહનોની અવરજવર પાર પ્રતિબંધ રહેશે. તેમણે ટ્રાન્સપોર્ટ એસોસીએસન અને ઈન્ડસ્ટ્રીઝને આ બાબતની જાણકારી આપવા જણાવ્યું હતું. તેથી કોઈને અગવડ ના પડે.

અત્યારે ધોરણ ૧૦-૧૨ ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે અને દહેજ રોડ ઉપર કન્સ્ટ્રકશન કામ ચાલી રહ્યું છે તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ફૂડ એન્ડ ડ્રગ વિભાગના એમ . પી. નાકરાણીએ જણાવ્યું હતુ કે કેટલીક કેમીકલ કંપનીઓને ફાર્મા સાથે કોઈ લેવાદેવા હોતી નથી પરંતુ તેઓ તેમના નામમાં ફાર્મા નામ રાખે છે. તેથી જયારે તે કંપની પકડાય ત્યારે ફાર્માનું નામ બદનામ થાય છે. જયારે માર્કેટમાં જોબ વર્કનો ભાવ ૨૫૦ રૂપિયા ચાલતો હોય ત્યારે કોઈ ૧૦૦૦-૧૫૦૦ રૂપિયા ભાવ આપવાનું કહે ત્યારે તે જોબવર્ક કરવા લલચાઈ જાય છે. પરંતુ તેની ઊંડાણપૂર્વક તપસ કરાવી જોઈએ . તેમાં ડ્રગનું ઉત્પાદન થવાની પણ શક્યતા રહેલી છે. કોડવર્ડની ભાષામાં વ્યવહાર ચાલતા હોય છે. તેમને સતત ચેતીને ચાલવાની અને હિસાબ બરાબર રાખવાની સલાહ આપી હતી.

જીપીસીપીના પ્રાદેશિક અધિકારી વિજય રાખોલીયાએ જણાવ્યું હતું કે મટેરીઅલ ગેટની બહાર નીકળતા ગેટ રજીસ્ટર પર નોંધણી થવી જોઈએ. જો તેમ નહી થયું હોય તો માન્ય નહી ગણાય. ખાસ કરીને પ્રોડક્ટની મંજૂરી વગર પ્રોડક્ટનું ઉત્પાદન કરવામાં આવે છે. તેમાં વેસ્ટ નાખવાનો પ્રશ્ન ઉભો થાય છે, જેને લઈને ગેરકાયદેસર કામ થાય છે. સૌએ જે પ્રોડક્ટ બનાવતા હોય તેની મંજૂરી લઇ લેવી જોઈએ.

તેમને હેઝર્ડ વેસ્ટ્ના ટ્રાન્સપોર્ટ વખતે તેમાંથી લીંચેટ નીકળે નહીં તેની કાળજી રાખવી જોઈએ. તમે કોઈ ટ્રાન્સપોર્ટરને વેસ્ટ આપી દીધો એટલે તમારી જવાબદારી પુરી થઇ તેવું નથી. તેનું તો ફક્ત વાહન જ હોય છે બાકી તમારી કંપની અને તમારી ઉપર કાર્યવાહી થશે. તમે ભારે મુશ્કેલીમાં મુકાઈ શકો છો . હવે બધા ડિપાર્ટમેન્ટ સજાગ થઇ ગયા છે. કાયદેસરનું કામ કરશો તો ફાયદામાં રહેશો.

ફોરેન્સિક અધિકારી વી.આર . પટેલે વિવિધ ડ્રગ્સ અને તેને કેવી રીતે બનાવવામાં આવે છે તેની સમજણ આપી હતી જેથી ઈન્ડસ્ટ્રીઝ જોબ વર્કના નામે કે પછી ભાડાપટ્ટે પ્લાન્ટ વાપરવાના બહાના હેઠળ ડ્રગની જાળમાં ફસાવી ન દે.

નશાબંધી અને આબકારી વિભાગ ભરૂચના એમ .એન . પઠાણે નશાબંધી હેઠળ આવતા વિવિધ કેમિકલ વિષે અને કાયદાકીય માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના પ્રમુખ હિંમત શેલડીયા , પાનોલી ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના પ્રમુખ બી.એસ . પટેલ, ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અશોક પંજવાણી ઉપરાંત ઈન્ડસ્ટ્રીઝના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ઓ,જી. એ .એ . ચૌધરી, પોલીસ ઈન્સ્પેક્ટર અંકલેશ્વર જીઆઈડીસી આર. એચ. વાળા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર ઝગડીયા જીઆઈડીસી પી.કે. રાઠોડે આ કાર્યક્રમનું સંચાલન કરી તેને સફળ બનાવ્યો હતો.

## ભરૂચની દરેક ઈન્ડસ્ટ્રીઝમાં હેલ્મેટ ફરજીયાત કરવામાં આવશે

અંકલેશ્વર ખાતે યોજોયેલ સેમિનારમાં ભરૂચના જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ જણાવ્યું હતું કે ભરૂચ જિલ્લાની દરેક ઈન્ડસ્ટ્રીઝમાં ૩૧ માર્ચ સુધીમાં હેલ્મેટ ફરજીયાત કરવામાં આવશે. તેમાં કોઈ છૂટછાટ આપવામાં નહીં આવે. તેની જવાબદારી જે તે કંપનીએ લેવાની રહેશે. જેમાં જે લોકો કંપનીની બસમાં માં આવે છે પરંતુ કંપનીની બસ સુધી દ્વિ ચક્રી વાહનમાં આવે છે અને જ્યાંથી બસમાં ચડે છે, તેમને હેલ્મેટ પહેરે તેની જવાબદારી કંપનીએ લેવાની રહેશે. જેમાં સ્ત્રી હોય કે પુરુષ, કાયમી કર્મચારી હોઈ કે કંપની કર્મચારી હોય બધા માટે નિયમ એક સરખો રહેશે.

ભરૂચ જિલ્લામાં જે અકસ્માતો થયા છે તેમાં મૃત્યુના અકળ જાણશો તો તમે આશ્ચર્યચકીત રહી જશો. તેમાં માથામાં થતી ઈજાનું પ્રમાણ ખુબ વધારે હોય છે. આપણી પાસે તેનાથી બચવા હેલ્મેટ ફરજીયાત પહેરવાનો કાયદો છે તો તેનો અમલ કરાવવો રહ્યો. તેમણેઉત્તર પ્રદેશના એક શહેરમાં પોલીસની સુચનાથી પેટ્રોલપંપ એસોસીએશન તરફથી હેલ્મેટ પહેર્યું હશે તેવા દ્વિચક્રી વાહનને જ પેટ્રોલ આપવામાં આવશે તેવું નક્કી કર્યું તેના સારા પરિણામ આવ્યા. જે સફળ પુરવાર થયા.

ભરૂચ જિલ્લામાં ઈન્ડસ્ટ્રીઝનું પ્રમાણ વધારે છે. તેથી કંપનીઓમાં હેલ્મેટ ફરજીયાત થતા ૪૦-૫૦ ટકા લોકો પાસે હેલ્મેટ આવી જશે. જે કંપનીઓ હેલ્મેટના અમલ માટે સાથ ના અપાતી હોય તે જણાવવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનોને અપીલ કરવામાં આવી છે.

૩૧ માર્ચ પછી પોલીસ તરફથી કડક કાર્યવાહીનો અમલ કરવામાં આવશે,


**FORM IV**

Statement about ownership and other particulars about newspaper **BIRD VIEW OF INDUSTRIES** to be published in the first issue every year after the last day of February.

1. Place of publication : **BIRD VIEW OF INDUSTRIES OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002**
2. Periodicity of its publication : **FORTNIGHTLY**
3. Printer's Name : **JITENDRAKUMAR BABALBHAI PATEL**
   Nationality : **INDIAN**
   Address : **OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002**
4. Publisher's Name : **JITENDRAKUMAR BABALBHAI PATEL**
   Nationality : **INDIAN**
   Address : **OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002**
5. Editor's Name : **JITENDRAKUMAR BABALBHAI PATEL**
   Nationality : **INDIAN**
   Address : **OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002**
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding More than one per cent of the total capital.

**JITENDRAKUMAR BABALBHAI PATEL** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief..

**Date : 28/02/2025** **JITENDRAKUMAR BABALBHAI PATEL**

**Signature of Publisher**



ISO 9001:2015 CERTIFIED Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# નકલી દવા મામલે હવે છૂટક કેમિસ્ટ, જથ્થાબંધ વિક્રેતાને પણ જવાબદાર ઠેરવાશે

નકલી દવાઓને લઈને વિદેશમાં ભારતની બગડતી જતી શાખા ને સુધારવા સરકાર પ્રયાસો કરી રહી છે. તે માટે કડક અભિગમ અપનાવાઈ રહ્યો છે.

માન્ય ખરીદી ઈન્વોઈસ હોય તો પણ છૂટક અને જથ્થાબંધ મેડિસિન વિક્રેતાઓને જવાબદારી નક્કી કરવા માટે ભારતનું સર્વોચ્ચ દવા નિયમનકાર કડક નિયમો લાવવા પર કામ કરી રહ્યું છે. હાલમાં ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ની કલમ ૧૯ હેઠળ ફક્ત ઉત્પાદકો પર જ કાર્યવાહી કરવામાં આવે છે. સપ્લાય ચેઈન માં વેપારીઓ જવાબદારીમાંથી મુક્ત છે.

સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીબીએસસી) એ અમલીકરણને કડક બનાવવાના વિકલ્પો તપાસવા એક સમિતિની રચના કરી છે. જેનો હેતુ બજારમાં નકલી દવા આવતી અટકાવવા માટેનો છે. બજારમાં નકલી દવાઓના પ્રવેશ માટે જે નિયમનકારી છટકબારી છે તેને દૂર કરવામાં આવશે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે, જ્યારે વિદેશમાં બાળકોના મૃત્યુ સાથે ભારતમાં બનેલ કફ સીરપને જોડતાં અહેવાલોને કારણે વિશ્વની ફાર્મસી તરીકે ભારતની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે. તેને લઈને સરકાર કડક અભિગમ અપનાવવા કટિબબદ્ધ છે,

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત નિયમો કદાચ કાનૂની મુક્તિને દૂર કરશે, જે હાલમાં રિટેલર્સ અને જથ્થાબંધ વેપારીઓ માન્ય ખરીદી ઈન્વોઈસ રજૂ કરવાથી કાનૂની કાર્યવાહીથી બચાવે છે. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, એક સમિતિની રચના કરવામાં આવી છે, જે ટૂંક સમયમાં પોતાનો અહેવાલ સુપરત કરશે. સમિતિએ સ્ટેટ લાઇસન્સિંગ ઓથોરિટી (એસએલએ) પાસેથી સુચનો માંગ્યા છે કે, સજા કેટલી હદ સુધી લંબાવી શકાય. હાલમાં ડ્રગ્સ અને કોસ્મેટિક એક્ટ ૧૯૪૦માં કેટલીક છૂટછાટો છે. જેથી આ છટકબારીઓને બંધ કરવાની યોજના છે.

ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)ના નેતૃત્વમાં ડિસેમ્બરમાં યોજાયેલી ડ્રગ્સ કન્સલ્ટેટિવ કમિટિ (ડીસીસી)ની બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

હાલ આ અંગે નિયમોનું વિસ્તરણ કરવા માટે ચર્ચા ચાલી રહી છે.નકલી દવાઓનો ઉત્પાદકો, વિતરકો અને વેચાણકર્તાઓ સામે કડક કાર્યવાહી કરવી સમયની માંગ છે. સૂચિત નિયમો સંભવતઃ કાનૂની મુક્તિને દૂર કરશે.

## બજેટમાં ભરૂચના ઉદ્યોગોને બલ્ક ડ્રગ પાર્ક, ભાડભૂત બેરેજ, ડીપ.સી. પાઈપલાઈન પ્રોજેક્ટ માટે નાણાંની ફાળવણી

નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજુ કરાયેલ ગુજરાત રાજ્યના બજેટમાં ભરૂચના ઉધોગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ, ભાડભૂત બેરેજ માટે ૨ હજાર કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી છે. તેને લઈને આગામી સમયમાં જિલ્લામાં ઉદ્યોગો માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કાર્યોને વેગ મળશે. જેમાં દરિયામાં ઊંડે સુધીની પાઈપલાઈનનો પણ સમાવેશ થાય છે.

તાજેતરમાં દહેજ સાયખા ની પસાર થતી દરિયામાં જતી પાઈપલાઈનનો જે રૂટ બદલવાનો હતો તેને CRZ તરફથી મંજૂરી મળી ગઈ છે. તે કામ ઝડપથી પૂર્ણ કરવામાં મદદ મળશે.

અંલેશ્વરમાં 500 COD ને બદલે 1000 COD સુધીનું ટ્રીટેડ એફલૂઆન્ટ દરિયામાં છોડતા તેની શું અસર થાય છે તેનો રિપોર્ટ તૈયાર થઈ રહ્યો છે. તેમાં સફળતા મળતા તેમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. હયાત લાઇનમાં અપગ્રેડેશન નું આયોજન છે.

ભાડભૂત બેરેજ માટે બજેટમાં ૮૭૬ કરોડનું આયોજન કરાયું છે. ભાડભૂત બેરેજનું કાર્ય ચાલી રહ્યું છે. આ યોજના કાર્યરત થતા તેના બહુ મોટા ફાયદા છે. સુરતથી દહેજ જવા માટેનો સીધો ટૂંકો રૂટ બનશે.

નદીમાં પાણી ભરાઈ રહેતા દહેજની ઈન્ડસ્ટ્રીઝને આસાનીથી પૂરતું પાણી મળશે. કલ્પસર યોજનાનું પ્રથમ પગથિયું પૂર્ણ થશે. આ વખતના બજેટમાં જંબુસર નજીક સ્થાપનાર બલ્ક ડ્રગ પાર્ક માટે ૨૯૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેથી બલ્ક ડ્રગ પાર્ક માટે શરૂઆતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં મદદ મળી રહેશે. ગુજરાત વિધાનસભામાં નાણાંમંત્રી કનુ દેસાઈએ રજૂ કરેલા રૂપિયા ૩.૭૦ લાખ કરોડના બજેટને ભરૂચ જિલ્લામાં એકંદરે અવકારાયું છે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ આજે ગુજરાતનું સતત ચોથીવાર બજેટ રજૂ કર્યું. આ બજેટમાં સરકારે રોજગારી, મહિલા, યુવા, કૃષિ દરેક વિભાગને ધ્યાનમાં રાખીને ઘણી મોટી જાહેરાતો કરી છે.

## ગુંજ સોશિયલ ગ્રુપ દ્વારા અંકલેશ્વર ખાતે સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો

અંકલેશ્વરમાં ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા આ વર્ષે પણ રામકુંડના મહંતશ્રી ૧૦૦૮ ગંગાદાસજી બાપુની પ્રેરણાથી ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું. અંકલેશ્વર શહેરના દીવા રોડ પર આવેલ ગુપ્તા ફાર્મ ખાતે તારીખ ૨૩ મી ફેબ્રુઆરીએ ૯માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવમાં ૫૧ નવયુગલો પ્રભુતામાં ડગલાં માંડ્યા છે. આ શુભ અવસરમાં અનેક દાતાઓ સહભાગી બન્યા છે, જેમાં મુખ્ય દાતા તરીકે વડોદરાના ગોયલ પરિવારે યોગદાન આપ્યું હતું. આ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં તમામ ૫૧ નવયુગલોને કરિયાવરમાં ૩૨ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી છે. જેમાં ખાસ કરીને કરિયાવરમાં તમામ ૫૧ દીકરીઓને સિલાઈ મશીન સિલાઈ આપવામાં આવ્યા છે. જ્યારે સિલાઈની કામગીરી અંગે દીકરીઓને ૬ મહિનાની વિશેષ તાલીમ પણ આપવામાં આવશે. જેના દ્વારા આ દીકરીઓ આત્મનિર્ભર પણ બનશે, ત્યારે આયોજકોના ઉમદા હેતુને સૌ કોઈએ બિરદાવ્યો હતો. આ પ્રસંગે અંકલેશ્વર રામકુંડ તીર્થના મહામંડલેશ્વર ૧૦૦૮ મહંત ગંગાદાસ બાપુ, ગુમાનદેવ પિઠાધિશ્વર મહંત મનમોહનદાસજી બાપુ, બાળ કથાકાર પ્રિયાંશુ મહારાજ, લાખા હનુમાનજી મંદિર-પુનગામના મહંત મંગલદાસજી મહારાજ, જૂના દિવાના મહંત હરિચરણદાસજી મહારાજ, ગુંજ સોશ્યલ ગ્રુપના પ્રમુખ સુધીર ગુપ્તા, સહિત આયોજક સમિતિના સભ્યો તેમજ મોટી સંખ્યામાં વર-કન્યા પક્ષના પરિવારો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાતના દરિયામાં ઝેરી કેમિકલ ઠાલવતી દત્ત કેમિકલ અને જતવીન ઈન્ડસ્ટ્રીઝને ક્લોઝર

ખંભાતના દરિયામાં ગેરકાયદેસર ઝેરી કેમિકલ ઠાલવવાનું સુવ્યવસ્થિત કૌભાંડ પકડાયું છે. ઘણા લાંબા સમયથી ચાલતા આ કાર્યની જીપીસીપીને ખાનગી માહિતી મળતા તેના આધારે સોખડા જીઆઇડીસી વિસ્તારમાં જે.સી.બી.ની મદદથી ૬૦૦ મીટર સુધી ખોદકામ કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ જગ્યાએ ખોદકામ કરતા પાઈપલાઈનો મળી આવી હતી. જેમાં દત્ત કેમિકલ અને જતાવીન ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીનું કૌભાંડ ઝડપાયું હતું. ખંભાતના દરિયામાં છેલ્લા છ માસથી ઝેરી કેમિકલનો જથ્થો ઠલવાતો હતો. જેને લઈને દરિયાઈ સૃષ્ટિ, જીવ સૃષ્ટિ સહિત પર્યાવરણને નુકશાન થઇ હોવાની ફરિયાદ આણંદ જિલ્લા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મળી હતી. જેથી પ્રદુષણ બોર્ડની ટીમે જે જગ્યાએ ઝેરી કેમિકલ ઠલવાતું હતું. ત્યાંથી તપાસ હાથ ધરતાં તેનો રેલો છેક ખંભાતની સોખડા જીઆઈડીસીમાં વિસ્તારમાં બે કેમિકલ કંપની સાથે મળતો હતો. જેને લઈને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ટીમે દરોડો પાડી દ્વારા બંને કંપનીને ક્લોઝર આપવા બંધ કરવા આદેશ આપ્યો. કંપનીથી દરિયાઈ અખાત સુધી ૧૫ ફૂટ જમીનની નીચે કંપનીના કેમિકલ માફિયાઓએ પાઈપલાઈન નાંખી ઝેરી કેમિકલયુક્ત પાણી ઠાલવવામાં આવતું હતું. દત્ત કેમટેક નામની કંપનીમાં ઈન ઓર્ગેનિક્સ કેમિકલનું ઉત્પાદન કરવામાં આવતું હતું.જ્યારે જતવીન ઈન્ડસ્ટ્રીઝ ડાય ઈન્ટરમીડીયેટ બનાવતી કંપની છે.

## અંકલેશ્વરની એરસ્ટ્રીપની ફેઝ -૧ ની કામગીરી આ મહીનાના અંત સુધીમાં પૂર્ણ થવાની આશા

અંકલેશ્વરમાં ૧૯૯૩માં એરપોર્ટનું સ્વપ્ન જોવામાં આવ્યું હતુ તે હવે સાકાર થવા જઈ રહ્યું છે. વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં સરકારે અંકલેશ્વર નજીક નિર્માણ પામી રહેલા એરપોર્ટની ફેજ-૧ની કામગીરી પૂર્ણતાને આરે હોવાનો ઉત્તર આપ્યો હતો. ભરૂચ જિલ્લામાં વધી રહેલી મોટી કંપનીઓની સંખ્યાને લઈને એરપોર્ટની માગ તીવ્ર બનતી જઈ રહી હતી. ગુજરાત ધીમે ધીમે એવિએશન સેક્ટર નું હબ બનતું જાય છે. દિન પ્રતિદિન વધી રહેલા પેસેન્જર ટ્રાફિકના કારણે નવા રૂટ પરની ફ્લાઇટ્સ ની સંખ્યા વધી રહી છે, ગુજરાતમાં નવા એરપોર્ટ બનાવવાની પણ જરૂરિયાત ઊભી થઈ છે. ત્યારે ગુજરાતમાં અંકલેશ્વર ખાતે નવું એરપોર્ટ આકાર લઈ રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી સ્ટેટ એવિએશન ડિપાર્ટમેન્ટ દ્વારા કામગીરી ચાલી રહી છે. હાલ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે અંકલેશ્વર ખાતે હવાઈ પટ્ટી વિકસાવવા અને સેવાઓ મામલે ગૃહમાં પ્રશ્ન પૂછ્યો હતો. જેના જવાબમાં સરકારે જણાવ્યુ હતુ કે, ફેઝ-૧ની કામગીરી માર્ચ-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. અત્યાર સુધી ફેજ -૧ની કામગીરી હેઠળ રન-વે બાંધકામ, એપ્રન, જમીન સમતળ ની કામગીરી, ટેક્સી-વે સહિતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને બાકીનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર ના વિકસતા ઉદ્યોગો ને લઈ એરસ્ટ્રીપ બનાવવાની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા ૧૯૯૩માં કરવામાં આવી હતી. જે બાદ ૧૯૯૪ થી જમીન સંપાદન કરવા માટે પ્રયાસ શરૂ કરવામાં આવ્યા હતા. જો કે, ભાવ તેમજ અન્ય કારણોસર સર્જાયેલા વાદવિવાદ વચ્ચે ૨૦૦૨માં જમીન સંપાદન કરાઈ હતી, ત્યારથી અત્યાર સુધી વિવિધ તબક્કાની કામગીરી પૂર્ણ થયા બાદ હવે એરપોર્ટનું સપનું સાકાર થશે એવું લાગી રહ્યું છે.



# BASF દહેજ ખાતેના યુનિટ પર કાર્યરત ટર્બો ટ્યુબ ડ્રાયર (TTD) યુનિટને બંધ કરશે

BASF એ જાહેરાત કરી છે કે તેના ન્યુટ્રિશન એન્ડ કેર સેગમેન્ટ હેઠળનો તેનો કેર કેમિકલ્સ બિઝનેસ માટેના દહેજ ખાતેના યુનિટ પર કાર્યરત ટર્બો ટ્યુબ ડ્રાયર (TTD) યુનિટને બંધ કરશે. કંપનીના બોર્ડ દ્વારા ૪ ફેબ્રુઆરીના રોજ યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લઈને મંજૂરી આપવામાં આવી હતી.

ટર્બો ટ્યુબ ડ્રાયર (TTDs) એ સુકવણી મશીન છે, જેનો ઉપયોગ પાવડર, દાણા (ગ્રાન્યુલ્સ), પેસ્ટ અને પ્રવાહી જેવા ગરમ - સંવેદનશીલ પદાર્થોને સૂકવવા માટે પર્સનલ કેર અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ઉદ્યોગોમાં થાય છે. જેમાં ઝડપથી અને નરમાશથી સૂકવવા માટે ફરતી ટ્યુબનો ઉપયોગ કરવામાં આવે છે, જે ચોક્કસ તાપમાને નિયંત્રણ અને ટૂંકા સમયમાં કાર્ય થાય છે.

BASF એ જણાવ્યું હતું કે TTD યુનિટ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, કારણ કે ઓછો ઉપયોગ, ઉચ્ચ જાળવણી એટલેકે વધારે મેઈન્ટેનન્સ ખર્ચ, ઓફ-સ્પેસિફિકેશન મટિરિયલ્સનાવધેલું ઉત્પાદન, અને પ્રતિકૂળ કામગીરી જેવા મુદ્દાને કારણે ટેકનોલોજી વર્તમાન ભારતીય બજાર ધોરણોમાં તે બંધબેસતું નથી.

નાણાકીય વર્ષ ૨૪ દરમિયાન, યુનિટ રૂપિયા ૩૭.૭ કરોડની આવક નું યોગદાન આપ્યું હતું, જે કંપનીના કુલ આવકના ૦.૩%નું પ્રતિનિધિત્વ કરે છે. કંપનીએ જણાવ્યું હતું કે, આ વર્ષના પ્રથમ છ મહિનામાં યુનિટ બંધ થવાની ધારણા છે અને તેના કારણે યુનિટની કમાણીમાં ઘટાડો થવાની સાથે સીધા સ્થિર ખર્ચમાં બચત થશે, જે નજીવો હોવાનો અંદાજ છે.

# ભરૂચ ભાવનગર વચ્ચે દરિયાની વચ્ચેથી એક્સપ્રેસ વે બનાવવાના સપનાને વાસ્તવિકતાનું રૂપ આપવા માટેની કાર્યવાહી પ્રારંભ

## ભરૂચ ભાવનગર વચ્ચે દરિયાની વચ્ચેથી એક્સપ્રેસ વે બનાવવાના સપનાને વાસ્તવિકતાનું રૂપ આપવા માટેની કાર્યવાહી

જેની વર્ષોથી રાહ જોવાઈ રહી હતી તે ભાવનગર ભરૂચ વચ્ચે એક્સપ્રેસવે બનાવવાની દિશામાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા પ્રાથમિક કામગીરી આરંભી દેવામાં આવી છે.

માર્ગ પરિવહન મંત્રાલયે ભાવનગર અને ભરૂચ એક્સપ્રેસ વે દ્વારા જોડવા માટે ડીપીઆર પર કામ શરૂ કર્યું છે. બંને શહેરો વચ્ચે રોડ કનેક્ટિવિટી ઉભી કરાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ ઈચ્છતા હતા કે મધ્ય ગુજરાત સૌરાષ્ટ્ર સાથે સીધો રોડ કનેક્ટિવિટી કરવામાં આવે. તે માટે કલ્પસર યોજના આગળ ધપાવવાનો નિર્ણય લેવાયો હતો. જેના ભાગરૂપે પ્રથમ ભાડભૂત બેરેજનું કામ પૂર્ણ કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરાયું. આ એક્સપ્રેસ વે દરિયાની વચ્ચેથી પસાર કરવો પડે તેમ છે. જે તેની વિશેષતા છે.

ભરૂચને ભાવનગર સાથે જોડવાની દિશામાં કામ શરૂ કર્યું છે. આ માટે મંત્રાલયે ડીપીઆર તૈયાર કરવા માટે ટેન્ડર મંગાવ્યા છે. હાલમાં દહેજથી ભાવનગરજવા માટે ફેરી સુવિધા છે. તે ખંભાતનો અખાત તરીકે ઓળખાતા અરબી સમુદ્ર અખાત માં વહે છે.જો કે હાલ કેટલાક કારણોને લઈને ફેરી સુવિધા બંધ કરવામાં આવી છે. ભાવનગર-ભરૂચ વચ્ચેનું અંતર કાપવામાં ફેરીને લગભગ દોઢ કલાક લાગે છે. જ્યારે રોડ દ્વારા ૨૮૦ કિમીનું અંતર લગભગ છ કલાકમાં કાપવામાં આવે છે.જો રાજકોટ માંથી પસાર થતા જામનગર-ભાવનગર વચ્ચેના પ્રસ્તાવિત એક્સપ્રેસ વેને ભરૂચ સુધી લંબાવવામાં આવે તો તે ગુજરાત માટે આશીર્વાદરૂપ બની રહેશે. આ એક્સપ્રેસવે માં દિલ્હી, અને મુંબઈ વચ્ચે બની રહેલા નવા એક્સપ્રેસવે જોડે, ત્યારે જામનગરમાં તે અમૃતસર જામનગર ઈકોનોમિક કોરિડોર સાથે જોડાશે. આનાથી ગુજરાતના વિકાસને વધુ વેગ મળવાની અપેક્ષા છે.

ગુજરાત ફેડરેશનના માજી પ્રમુખ એન. કે.નાવડીયાએ જણાવ્યું હતું કે એક્સપ્રેસ વેના નિર્માણ પછી માત્રો ૬૮ કિમીનું અંતર લગભગ ૪૫ મિનિટમાં કપાશે. જે દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક કોરિડોર સર્વાંગી વિકાસને બેવડો વેગ પ્રદાન કરશે. પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટમાં આ કોરિડોર સામેલ હોય તે નજીકના ભવિષ્યમાં પૂર્ણ કરી દેવાશે.

# વાગરા ખાતે KP એનર્જીએ ૨.૮ મેગા વોટનો પવન ઊર્જા પ્રોજેક્ટ કાર્યરત કર્યો

ભરૂચના વાગરા ખાતે ૨.૮ મેગાવોટનો પવન ઊર્જા પ્રોજેક્ટ સફળ રીતે શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં અત્યાધુનિક પવન ટર્બાઈન જનરેટર છે, જે નવીનીકરણીય ઊર્જા પ્રત્યે કંપની મજબૂત પ્રતિબદ્ધતા ઉભી કરી છે.

કેપી એનર્જી સ્વતંત્ર વીજ ઉત્પાદન (આઈપીપી) ક્ષમતા હવે ૪૮.૫ મેગાવોટ સુધી પહોંચી ગઈ છે, જે ભારતના સ્વચ્છ ઉર્જા ક્ષેત્રમાં તેને એક અગ્રણી કંપની તરીકે તેની સ્થિતિ મજબૂત બનાવે છે.

કંપની જાહેર કર્યું છે કે કેપી એનર્જી ભરૂચમાં વાગરા સાઈટ પર એક નંબરનો વિન્ડ ટર્બાઈન જનરેટર ધરાવતો ૨.૮ મેગાવોટનો વધુ પવન ઊર્જા પ્રોજેક્ટ સફળતાપૂર્વક શરૂ કર્યો છે. કંપનીના ટકાઉ વિકાસને વેગ આપવા અને હરિયાળી ઉર્જા ઉકેલો તરફ રાષ્ટ્રના સંક્રમણને ટેકો આપવાનો વિઝન સાથે સુસંગત છે. ૧લી ફેબ્રુઆરી ના રોજ, કેપી એનર્જી ગુજરાતના ભરૂચમાં વાગરા સાઈટ પર તેના ૨૮.૬ મેગાવોટના પવન ઊર્જા પ્રોજેક્ટમાંથી ૨૫.૮ મેગાવોટનો કાર્યભાર સંભાળ્યો. આ સિધ્ધિમાં ૧૧ અદ્યતન પવન ટર્બાઈનની સ્થાપનાનો સમાવેશ થાય છે.

# અંકલેશ્વર ભંગારના ગોડાઉનોમાં પોલીસનું સર્ચઓપેરશન

અંકલેશ્વરથી પાનોલી જવાના હાઈવેને અડીને તેમજ આસપાસના વિસ્તારોમાં ભંગારનો ધંધો કરતા લોકોના વિસ્તાર પર તારીખ ૨૨મી ફેબ્રુઆરીએ બપોર બાદ પોલીસે તવાઈ બોલાવી હતી. અંસાર માર્કેટ સહિતના વિસ્તારમાં પોલીસના ધાડેધાડા ઉતરી પડયાં હતાં અને ગોડાઉન ચલાવવા માટે મંજૂરી છે કે નહિ સહિતની બાબતોની તપાસ આદરી હતી. ભરૂચ જિલ્લામાં દહેજ, સાયખા, અંકલેશ્વર અને પાનેલીમાં ઉદ્યોગોના વિકાસની સાથે સાથે ભંગારનો વ્યવસાય પણ ઝડપથી વિકસી રહ્યો છે.

નેશનલ હાઈવેને અડીને આવેલા ભંગારના ગોડાઉનમાં વારેઘડીએ આગના બનાવો બની રહ્યા હતા. આગના ઓથા હેઠળ ભંગારીયાઓ કેમિકલ યુક્ત કચરો સળગાવતા હોવાની બૂમ ઉઠી હતી. આ ઉપરાંત થોડા દિવસો પહેલાં બાકરોલ ગામ પાસે ઉકાઈ કેનાલમાં કેમિકલયુક્ત પાણીનો નિકાલ કરી દેવાયો હતો. જેના કારણે ૩ લાખથી વધારે લોકોના જીવ જોખમમાં મુકાયાં હતાં. જેને લઈને અંકલેશ્વર અંસાર માર્કેટ, તેની આજુબાજુમાં આવેલ ભંગાર માર્કેટ વિસ્તારમાં સર્ચ શરુ કર્યું હતું. ભંગાર માર્કેટમાં લાયસન્સ વેરિફિકેશન, ભંગારના જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા, ભંગાર માર્કેટમાં રહેતા ઈસમોના આઈડી વેરિફિકેશન, સહિતના મુદ્દે ઓપરેશન ભંગાર માર્કેટ શરૂ કર્યું છે. પોલીસની મેગા કોમ્બિંગને લઈ બિન અધિકૃત ભંગારનો વેપલો ચલાવતા ભંગારીયા તત્વો માં ફફડાટ ફેલાઈ ગયો હતો. અંકલેશ્વરમાં અંદાજે ત્રણ હજાર થી વધુ ભંગારના ગોડાઉન,દુકાન સહિત ટ્રેડર્સ આવેલા છે.વિવિધ માર્કેટમાં ભંગાર રાસાયણિક કચરાના નિકાલ સહીત વિવિધ પ્રવૃત્તિ માટે જરૂરી સંબંધિત વિભાગ ની મજૂરી લેવામાં આવી છે કે કેમ તે પણ પોલીસ તપાસ કરી રહી છે. પોલીસની કાર્યવાહીના પગલે ભંગારીયા માં દોડધામ મચી ગઈ છે.


I I कौशल्यं श्रेष्ठबलं तदैव राष्ट्रस्य उत्थानकारणम् I

HMP
VOCATIONAL TRAINING INSTITUTE
Govt, Approved "SKILL INDIA,"
Affiliated, through E.V.I.
"SKILL INDIA"- CERTIFICATE IS VALID FOR GOVT, JOB, ALSO.
[SUPPORTED & GUIDANCE BY – L&T]
ADMISSION OPEN

| Sr No | TRADE | QUALIFICATION | AGE LIMIT |
|---|---|---|---|
| {1} | AOCP | Std.12,or ITI/ Dip. Pass/Fail | 16 to 30 years |
| {2} | ELECTRICIAN | Std.10, pass. or ITI/DEE/Pass/Fail | 16 to 30 years |
| {3} | FITTER | Std.9, pass or ITI/DME/Pass/Fail | 16 to 30 years |

CONTACT:- PRINCIPAL HMP VTI - KHAROD.- MOB. No.9687810005/6355217329
..NH-8, - GIDC Panoli, Kharod, Nr. Public school...

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

T.R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consulant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 92658 26814
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

Vipul Gothi : 96194 20414
Kaushal Patel : 86525 66134
KRISHNA TRADING
PNEUMATIC HYDRAULIC & PROCESS INSTRUMENTATION
Bass S.S. M.S., Fittings & Hydraulic Type Tube Fittings, Q.R.C., Manifold & all type Valves.
Solenoid Valve, FRL, Push Fitting, Cylinder, Pu-Tube, All Pneumatic Products.
Pressure Gauge & Temp. Gauge, Thermowell & Instrument Item.
Parker Store | Legris connectic | Techno Pneumatic Products | SHAVO FIRST NAME IN PNEUMATICS | JANATICS Pneumatic | FESTO | Uflow Solenoid Valve
Shop No. G-19, Jivandeep Arcade Near Asian Paint Chowkdi, GIDC Estate, Ankleshwar - 3930
Email: krishnatrading1705@gmail.com

Sahebrao G. Fand
Mo: 98980 56462, 92275 56462
VISHAL TILES & MARBLE CO.
Plot No. 7320, G.I.D.C., Karmatur Chokdi, Ankleshwar - 393 002.
RAINBOW
GALICHA TILES & CHIPS IND.
Plot No. 731/9, G.I.D.C., Karmatur Chokdi, B/h. Vishal Tiles, Ankleshwar - 393 002.
Manufactures & Contractors For All Kinds of Galicha, Plain, Mosaic, Terrezo & Composed Marble Tiles, Rubber MouldPaver & Chequred Tiles Etc.

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002|Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002